RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 293* Date: 12.08.2023,Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## IPC, CRPC અને એવિડેન્સ એક્ટ રદ કરી ૩ નવા કાયદાની જાહેરાત, અમિત શાહે ગૃહમાં બિલ રજૂ કર્યુ



### ૧૮ રાજ્યો, ૬ કેન્દ્રશાસિત પ્રદેશો, ભારતની સુપ્રીમકોર્ટ, ૨૨ હાઈકોર્ટ, ન્યાયિક સંસ્થાનો, ૧૪૨ સાંસદો અને ૨૭૦ ધારાસભ્યો ઉપરાંત પ્રજાએ પણ આ બિલ અંગે સૂચન આપ્યા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે IPC, CRPC અને એવિડેન્સ એક્ટનુ રિપ્લેસ કરીને ૩ નવા કાયદા બનાવવાની જાહેરાત કરી હતી. તેમણે લોકસભામાં કહ્યું કે આજે હું જે ત્રણ બિલ લઈને આવ્યો છું તે તમામ પીએમ મોદીના પાંચ પ્રણમાંથી એકને પૂરું કરવાના છે. આ ત્રણ બિલમાં એક છે ઈન્ડિયન પીનલ કોડ, બીજું છે ક્રિમિનલ પ્રોસીજર કોડ, ત્રીજું છે ઈન્ડિયન એવિડેન્સ કોડ. ઈન્ડિયન પીનલ કોડ ૧૮૬૦ની જગ્યા હવે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ લેશે. જ્યારે ક્રિમિનલ પ્રોસીજર કોડ ની જગ્યાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ આવશે અને ઈન્ડિયન એવિડેન્સ એક્ટ, ૧૮૭૨ની જગ્યાએ ભારતીય સાક્ષ્ય અધિનિયમ લવાશે. અમિત શાહે કહ્યું કે આ ત્રણેય કાયદાને રિપ્લેસ કરી તેની જગ્યાએ ત્રણ નવા કાયદા બનાવાશે. તેની ભાવના ભારતીયોને અધિકાર આપવાની હશે. તેનો ઉદ્દેશ્ય કોઈને દંડ આપવાનો નહી હોય. તેનો ઉદ્દેશ્ય લોકોને ન્યાય આપવાનો રહેશે. તેમણે કહ્યું કે ૧૮ રાજ્યો, ૬ કેન્દ્રશાસિત પ્રદેશો, ભારતની સુપ્રીમકોર્ટ, ૨૨ હાઈકોર્ટ, ન્યાયિક સંસ્થાનો, ૧૪૨ સાંસદો અને ૨૭૦ ધારાસભ્યો ઉપરાંત પ્રજાએ પણ આ બિલ અંગે સૂચન આપ્યા હતા. ચાર વર્ષ સુધી તેના પર ઘણી ચર્ચા થઈ. અમે તેના માટે ૧૫૮ બેઠકો કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે આઈપીસી અંગે નવું બિલ દેશદ્રોહના અપરાધને સંપૂર્ણપણે રદ કરી દેશે. ભારતીય ન્યાય સંહિતા માં ભાગલાવાદ, સશસ્ત્ર વિદ્રોહ, વિનાશક પ્રવૃત્તિઓ, ભાગલાવાદી પ્રવૃત્તિઓ કે ભારતની સંપ્રભુતા કે એકતા અને અખંડતાને ખતરામાં નાંખતા કૃત્યો પર એક નવી જોગવાઈ ઉમેરાઈ છે.

## ચીનની ઈકોનોમી જીવતા બોમ્બ જેવી, ગમે ત્યારે વિસ્ફોટ થશેઃ જો બાઈડન

વોશિંગ્ટન,તા.૧૧

ચીનની ઈકોનોમીને લઈને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને મોટી ભવિષ્યવાણી કરી છે.બાઈડનનુ કહેવુ છે કે, ચીનની ઈકોનોમી એક જીવતા બોમ્બ જેવી છે.જેમાં ક્યારે પણ વિસ્ફોટ થઈ શકે છે. જેની પાછળનુ કારણ ચીનની ઈકોનોમીનો ધીમો પડેલો વિકાસ દર છે. અમેરિકન રાજય યુટાહની મુલાકાત દરમિયાન બાઈડને ઉપરોકત વાત કરતા કહ્યુ હતુ કે, ચીનની કેટલીક સમસ્યાઓ છે અને તે ચીન માટે સારી નથી.

બાઈડને કહ્યુ હતુ કે, ચીન મુશ્કેલીઓ વચ્ચે ઘેરાયેલુ છે અને એટલે જ હું ચીનને પરેશાન કરવા નથી માંગતો અને ચીન સાથે તર્કસંગત સબંધો ચાલુ રાખવા માંગુ છું.બાઈડને જે નિવેદન આપ્યુ છે તેને લઈને અટકળો થઈ રહી છે. એમ પણ



ચીનનુ કન્ઝ્યુમર સેકટર મંદીની ચપેટમાં આવ્યુ છે.જુલાઈ મહિનાથી અહીયા મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. જેના કારણે ચીનના વિકાસ દર પર અસર પડવાનુ અનુમાન છે. ચીનના ઘરેલુ ખર્ચમાં થયેલા ઘટાડાની અસર કોરોના બાદ તેના આર્થિક વિકાસ પર પડી રહી છે. કોરોનાકાળથી ચીનની નિકાસમાં ભારે ઘટાડો થયો છે. બીજી તરફ ઘરઆંગણે ડિમાન્ડમં થયેલા ઘટાડાના કારણે ચીનની ઈમ્પોર્ટ પણ ઘટી છે.

## લોકસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ સુધી સ્થગિત, વિરોધ પક્ષોનો સંસદની બહાર દેખાવ

સંસદનું ચોમાસુ સત્ર ત્રણ અઠવાડિયાના હોબાળા બાદ આજે સમાપ્ત થવા જઈ રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહેઁ ઝ, ઝઈઁ ઝ અને એવિડેન્સ એક્ટનુ રિપ્લેસ કરીને ૩ નવા કાયદા બનાવવાની જાહેરાત કરી હતી. આ સાથે જ લોકસભાની કાર્યવાહી અનિશ્ચિતકાળ સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. વિરોધ પક્ષોએ સંસદની બહાર દેખાવ કર્યો છે.અમિત શાહે કહ્યું કે આ ત્રણેય કાયદાને રિપ્લેસ કરી તેની જગ્યાએ ત્રણ નવા કાયદા બનાવાશે. તેની ભાવના ભારતીયોને અધિકાર આપવાની હશે. તેનો



ઉદ્દેશ્ય કોઈને દંડ આપવાનો નહીં હોય. તેનો ઉદ્દેશ્ય લોકોને ન્યાય આપવાનો રહેશે. તેમણે કહ્યું કે ૧૮ રાજ્યો, ૬ કેન્દ્રશાસિત પ્રદેશો, ભારતની સુપ્રીમકોર્ટ, ૨૨ હાઈકોર્ટ, ન્યાયિક સંસ્થાનો, ૧૪૨ સાંસદો અને ૨૭૦ ધારાસભ્યો ઉપરાંત પ્રજાએ પણ આ બિલ અંગે સૂચન આપ્યા હતા. ચાર વર્ષ સુધી તેના પર ઘણી ચર્ચા થઈ. અમે તેના માટે ૧૫૮ બેઠકો કરી હતી.

રાજયસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ભાજપ લોકશાહીને દબાવવા માંગે છે અને બંધારણને અનુસરવા માંગતા નથી. આ માટે અહીં ૈં.દ્ગ.ડ્ઢૈં.છ. ગઠબંધનના તમામ પક્ષોના લોકો વિરોધ કરી રહ્યા છે. લોકશાહીને જીવંત રાખવા માટે અમે સંસદની અંદર અને બહાર દરેક જગ્યાએ લડીશું. આ પહેલા અધીર રંજન ચૌધરીને લોકસભામાંથી સસ્પેન્ડ કરવા સામે વિરોધ પક્ષો ૈં.દ્ગ.ડ્ઢૈં.છ. ગઠબંધનના સાંસદોએ લોકસભાની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો અને સંસદમાં ડો.આંબેડકરની પ્રતિમા સુધી કૂચ કરી હતી.

### હરિયાણા વિશ્વવિદ્યાલય દ્વારા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને પ્રાકૃતિક કૃષિ

## પ્રાકૃતિક ચિકિત્સા અને દેશ સેવામાં તેમના અનન્ય યોગદાન બદલ ડૉક્ટર ઑફ લિટરેચરની માનદ ઉપાધિથી સન્માનિત કરાયા

હરિયાણાની સૌથી પ્રતિષ્ઠિત, પ્રાચીન અને સૌથી મોટી કુરુક્ષેત્ર યુનિવર્સિટીએ આજે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીને પ્રાકૃતિક કૃષિ, ગોપાલન, ગૌ નસ્લ સુધાર, પ્રાકૃતિક અને યૌગિક ચિકિત્સા, સામાજિક સમરસતા, વૃક્ષારોપણ, જલ સંરક્ષણ અને દેશ સેવામાં તેમના અનન્ય યોગદાન બદલ ડૉક્ટર ઑફ લિટરેચરની માનદ્ ઉપાધિથી સન્માનિત કર્યા હતા.કુરુક્ષેત્ર વિશ્વવિદ્યાલયના ૩૩ મા દીક્ષાંત સમારોહમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામ નાથ કોવિંદ દ્વારા કુરુક્ષેત્ર વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ અને હરિયાણાના રાજ્યપાલ શ્રી બાંડારુ દત્તાત્રેયજી, હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર અને હરિયાણાના ઉચ્ચ શિક્ષણ મંત્રી



શ્રી મૂલચંદ શર્માની ઉપસ્થિતિમાં શ્રી આચાર્ય દેવવ્રતજીને ડૉક્ટર ઑફ લિટરેચરની માનદ ઉપાધિ પ્રદાન કરવામાં આવી હતી.રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ડૉક્ટર ઑફ લિટરેચરની માનદ ઉપાધિનો સ્વીકાર કરતાં કહ્યું હતું કે, જે પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાનનો હું વિદ્યાર્થી રહ્યો છું એ સંસ્થાન આજે ડૉક્ટર ઑફ લિટરેચરની માનદ્ ઉપાધિથી મને સન્માનિત કરે છે એ માટે હું કુરુક્ષેત્ર વિશ્વવિદ્યાલય પ્રતિ

નમ્રતાપૂર્વક આભારની લાગણી પ્રદર્શિત કરું છું. પ્રાકૃતિક કૃષિ, પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિ, યોગ અને રાષ્ટ્રની વિવિધ સામાજિક ગતિવિધિઓમાં પ્રદાન બદલ મળેલા આ સન્માન બદલ તેમણે કુરુક્ષેત્ર વિશ્વવિદ્યાલના કુલાધિપતિ અને રાજ્યપાલ શ્રી બાંડારુ દત્તાત્રેયજી, હરિયાણાના મુખ્યમંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર અને કુરુક્ષેત્ર વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રો. શ્રી સોમનાથ સચદેવાનો સવિનય આભાર માન્યો હતો અને શુભકામનાઓ પાઠવી હતી.







ગાંધીનગર મહાનગરપાલિકા મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ આજરોજ વોર્ડ નં-૧૦ માં આવેલ પ્રાચીન અને ઐતિહાસિક કુંભેશ્વર મહાદેવ મંદિર, કોબા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બની છોડનું રોપણ કર્યું. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે આવો આપણે સૌ સાથે મળીને હવા - પાણીના પ્રદુષણ ઘટાડવા તેમજ ગાંધીનગરને વધુ હરિયાળું બનાવવા વૃક્ષારોપણ કરીને તેનું જતન કરીએ. આ દરમિયાન શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, કાઉન્સિલરશ્રીઓ, સંગઠનના હોદેદારશ્રીઓ, સામાજિક- રાજકીય અગ્રણીઓ તેમજ કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી લેખ......

## આરબીઆઈએ સતત ત્રીજી વખત રેપોરેટ યથાવત્ રાખતા લોનધારકોને રાહત

મુંબઈ : નાણાં નીતિની ત્રણ દિવસની સમીક્ષા બેઠકના અંતે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી)એ ગુરુવારે રેપો રેટ યથાવત રાખવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો હતો. જો કે વર્તમાન નાણાં વર્ષ માટેના ફુગાવાના અંદાજમાં વધારો કરવાની ફરજ પડી છે, જ્યારે આર્થિક વિકાસ દરની ધારણાં જાળવી રાખવામાં આવી છે. રેપો રેટ જાળવી રાખવાના નિર્ણયને પગલે હોમ તથા ઓટો લોન સહિતના દરોમાં વધારો નહીં થાય તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.મંગળવારથી અહીં શરૂ થયેલી એમપીસીની બેઠકના અંતે સતત ત્રીજી વખત રેપો રેટ ૬.૫૦ ટકા જાળવી રાખવાનો નિર્ણય લેવાયો હતો. વર્તમાન નાણાં વર્ષ માટે ફુગાવાનો અંદાજ જે અગાઉ ૫.૧૦ ટકા મુકાયો હતો તે વધારી ૫.૪૦ ટકા કરાયો છે. ફુગાવાને નિયંત્રણમાં લાવવાની કામગીરી હજુ પૂરી થઈ નથી એમ રિઝર્વ બેન્ક દ્વારા જણાવાયું હતું. વૈશ્વિક સ્તરે ખાધાખોરાકીના ઊંચા ભાવ, ભૌગોલિક રાજકીય તાણ તથા હવામાનને લગતી અનિશ્ચિતતાને જોતા ફુગાવાજન્ય જોખમો હજુ પણ જળવાઈ રહ્યા છે, એમ રિઝર્વ બેન્કના ગવર્નર દાસે બેઠક બાદ જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું. વર્તમાન નાણાં વર્ષના જુલાઈથી સપ્ટેમ્બરના ગાળામાં ફુગાવો અગાઉની ૫.૨૦ ટકાની ધારણાં કરતા જોરદાર વધી ૬.૨૦ ટકા આવવાનો અંદાજ છે. જો કે ૨૦૨૩ના ચોથા ત્રિમાસિકમાં ખાધાખોરાકીના ભાવ નીચે આવશે તેવી પણ અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી.એકોમોડેટિવ પોલિસી પાછી ખેંચવાના વલણને જાળવી રાખવાનો રિઝર્વ બેન્કે નિર્ણય લીધો છે પરંતુ જો ફુગાવો ઘટીને ચાર ટકાના ટાર્ગેટ પર નહીં આવે તો તાત્કાલિક પગલાંના ગવર્નરે સંકેત આપ્યા હતા. ગયા નાણાં વર્ષમાં કુલ ૨.૫૦ ટકા વધારો કર્યા બાદ રિઝર્વ બેન્કે છેલ્લી ત્રણ બેઠકમાં રેપો રેટ યથાવત રાખવા નિર્ણય કર્યો છે. ફુગાવાને નીચે લાવવા વ્યાજ દર વધારવાની ફરજ પડી હતી, પરંતુ શાકભાજીના ઊંચા ભાવે રિઝર્વ બેન્કના ફુગાવાના ગણિતને બગાડી નાખ્યું છે.

# સાંસદોના વર્તાવથી નારાજ સ્પિકર સંસદમાં ન આવવાના હોય તો રાજુ રદીને સ્પિકર બનવું છે!!!

'' તે બહુ નારાજ છે!'' રાજુએ મોં લટકાવીને ગોસિપ પિરસી.રાજુ કાયમ મૂંછે વળ ચડાવે. માનો ચંદ્રશેખર આઝાદ ન હોય!! મૂંછે લીંબુ લટકાવ્યા હોય તે અકકડ થઈ છાતી કાઢીને ચાલે. પરંતું,આજે કોથળા જેવો ઢીલોઢસ લાગતો હતો.માનો કે ફુગ્ગામાં કાણું પડે ને ફૂગ્ગો ચીમળાય જાય તેવી રાજુની હાલત; લગ્ન પછી દરેક ગોરધનની હાલત નરમઘેંસ જેવી હોય. નરમઘેસ શું કામ કહેવું શીરા કે ખીચડી જેવો નરમશીરો કે નરમખીચડી જેવો કહેવો ઉચિત રહે!!!)

'' રાજુ. કોણ નારાજ છે?? બાબુલાલ બબુચક નારાજ છે??'' મે પૂછયું.

'' બાબુલાલ કયા દિવસે ખુશ હોય છે? હંમેશા મગજની કમાન ખેંચાયેલ હોય છે. હું એની વાત કરતો નથી!'' રાજુએ જવાબ આપ્યો.

''રશિયાના પ્રમુખ વલાદીમીર પુટિન નારાજ છે?? યુક્રેનના પ્રમુખ વલાદીમીર ઝેલેન્સકી નારાજ છે?? મે રાજુને આંતરરાષ્ટ્રીય સવાલ કર્યો.

'' ગિરધરભાઇ. આપણે કયાં ત્યાં ભાણું માંડવું છે?? આપણે પ્રોવિઝન સ્ટોરનો માલિક નારાજ ન રહે તેની કાળજી લેવાની . નહીંતર કરિયાણું ઉધાર ન આપે!!'' રાજુએ વહેવારિક વાત કરી!!

'' રાજુ. ટ્રમ્પ , આજકાલ બહું નારાજ છે. બાઇડન સામેની હાર સગાઇના ગોળધાણાની જેમ પચતી નથી. ઉપરથી ટ્રમ્પ કાનૂની કેસ-દાવપેચમાં ફસાયા છે!! છોરો કે'દાડાનો પૈણું પૈણું કરતો હતો તેમ ટ્રમ્પને પ્રમુખનું ચૂંટણું લડવામા ધખારા છે??'' મે ટ્રમ્પનું કુંડળી ખોલી!

'' ગિરધરભાઇ ટ્રમ્પ નારાજ હોય તો આપણે શું લેવાદેવા ? આપણે હીંગ નહીં અને ફટકડી પણ નહીં!!! હું ટ્રમ્પની નારાજગીની વાત કરતો નથી!'' રાજુએ વધુ એક વાર નકારનો ચિપીયો પછાડ્યો !!

'' રાજુ. વજુભાઇ વાળા કે રૂપાણી સાહેબ નારાજ છે??'' મેં એક છગ્ગો માર્યો .

'' ગિરધરભાઇ. હવે એમની નારાજગીની એમના ઘરના પણ નોંધ લેતા હશે કે કેમ તે સવાલ છે? હું એની નારાજગીની વાત કરતો નથી!'' રાજુ રદીએ પાછું નકારનું વાજું વગાડ્યું!!

'' રાજુ. તો પછી સાહેબ નારાજ હશે? બિચારા એક અઠવાડિયાથી દેશમાં છે. બાપડા વિદેશ ન જઇ શકવાથી સખત ધૂંધવાયા છે. ભયંકર નારાજ છે. મોરને દાણા પણ ખવડાવતા નથી!!'' મેં છેલ્લો પાસો ફેંકયો!!

'' ના, ગિરધરભાઇ.'' રાજુ નામક્કર ગયો.

'' રાજુ. ભાઇ, હવે તું જ કહી દે. કોણ નારાજ છે? '' મે બે હાથ જોડી શરણાગતિ સ્વીકારી લીધી.

'' ગિરધરભાઇ. પંચોતેર દિવસથી મણિપુર સળગી રહ્યું છે. હિંસાની આગ બુઝાતી નથી. લાચાર લોકો સુકાયેલા અશ્રુ, વેદના અને નિરાશાથી ચિત્કારી રહ્યા છે કે યહ આગ કબ બુઝેગી ??કૂકી અને મેઇતેઇ વચ્ચેની અથડામણ પાછળ ચીન છે કે? ડ્રગ્ઝ માફિયા જવાબદાર છે??મણિપુરની પોલીસ, પેરામિલિટરી ફોર્સ, મિલિટરી ફોર્સ હિંસાને ડામી શકતા નથી. સિંઘમ ફિલ્મના ડીજીપીની જેમ સીએમ કયાં છે? ડાયાબિટીસની ગોળી લઇને સૂઇ ગયા છે!! ડબલ એન્જિન સરકાર ફૂલ્લી ફેઇલ છે. નાપાસ સરકાર ઘરભેગી થવી જોઇએ! પણ બધા શાહમૃગની જેમ રેતીમાં માથું ખોસીને આમીરખાનની માફક ઓલ ઇઝ વેલનો મંત્ર ઉચ્ચારી રહ્યા છે! બે શબ્દો સહાનુભૂતિના બોલવામાં આવતા આવતા નથી!! મૌન એ દરેક દર્દ કે ગુનાનું ઔષધ નથી!'' રાજુએ આક્રોશ વ્યક્ત કર્યો.

'' રાજુ. મણિપુર બાબતે સંસદમાં ચર્ચા થાય. સંસદના નેતા ગૃહમાં જવાબ આપે. વિપક્ષો તેવો આગ્રહ રાખે છે!! સંસદનું ચોમાસું સત્ર લગભગ ધોવાઇ ગયું છે. વિપક્ષો આ બાબતે રજૂઆત કરે છે. વિપક્ષની રજૂઆતમાં આક્રમકતા હશે, સંસદીય પરંપરાનો ભંગ થયો હશે. પરંતુ મુદામાં દમ છે. રોમ ભડકે બળતું હોય ત્યારે નીરો ફીડલ વગાડે તેમ સરકાર મણિપુર જઇ મલમપટ્ટો કરવાના બદલે ફ્રાંસ, ઈજિપ્ત, અમેરિકા જવું જરૂરી ગણાય? સ્પીકર સરકારને ફરજ ન પાડી શકે??કલમ ૧૭૬ કે ૨૬૭ નો વિવાદ શા માટે ?? ૨૬૭ હેઠળ ચર્ચા કરાવો. સ્પીકર સાહેબ લજામણીની જેમ નારાજ થાય! લોકસભામાં ન આવવાની વાત કરે!! ભાઇ નોકરી કર્યા વગર પગારભથ્થા મેળવવાના? સ્પીકર નાની વહુ છે કે નાની વાતમાં નારાજ થાય.પી.એ. સંગમાં ,મીરાકુમાર, વગેરે સ્પીકરે સંસદમા ધાંધલ ધમાલ સહન કરી નથી? એમણે તો કદી નારાજ હોવા કે સંસદમાં ન જવાની વાત કદાપિ કરી નથી! તમે તમારું કામ કરો. સંસદમાં સાર્જન્ટ છે તેનો ઉપયોગ કરો!!''મેં સાંપ્રત પ્રવાહ વિશે પુણ્ય પ્રકોપ ઠાલવ્યો !!

'' ગિરધરભાઇ . સ્પીકર સાહેબ કાયમ માટે લોકસભામાં ન આવવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરી છે?? ''રાજુએ ઉત્સુકતાથી પૂછયું .

'' એમ કેમ પૂછે છે,રાજુ??'' મેં અચંબાથી પૂછયું.

'' ગિરધરભાઇ. સ્પીકરની નોકરી ઇઝી છે. ખુરશીમાં બેઠા બેઠા કે ઉભા થઇ માનનીય સભ્યશ્રી ટેઇક યોર સીટ, માનનીય યભ્ષશ્રી તમારું વર્તન સંસદીય પ્રણાલિકા મુજબ નથી, તમારો દેકારો ગૃહના રેકર્ડ પર નહીં રહે,માનનીય મંત્રીશ્રી તમે વક્તવ્ય આપો, નો પેલે કાર્ડઝ, માનનીય યભ્યશ્રી તમને સત્ર પૂરતા સસ્પેન્ડ કરૂં છું, માનનીય સભ્યશ્રી પાંચ વરસ માટે સસ્પેન્ડ કરૂં છું. ગૃહ બે કલાક , બે દિવસ એડજોર્ન કરૂં છું. અનિયત કાલ માટે ગૃહ સાયનાડ કરૂં છું!! વગેરે વગેરે બ્લડ પ્રેશરના આંકડાની જેમ ચડતા ઉતરતા અવાજે બોલવાનું સાયલન્સ પ્લીઝ , નો નોઇઝ વગેરે બોલવાનું આમાં કશું અઘરૂં છે??'' રાજુએ સ્પિતરનો જોબ ચાર્ટ રજૂ કર્યો!!

'' રાજુ. તારો ઇરાદો શું છે??'' મે પૂછયું.

'' ગિરધરભાઇ શુભ શુભ બોલો ??'' રાજુએ કહ્યું.

''બરાબર'' મેં કહ્યું!!

ગિરધરભાઇ. સ્પીકર સાહેબ લોકસભામાં આવવાના ન હોય તો મને થયું કે હું સ્પિકર બની જઉં!!'''' રાજુએ મહામહેચ્છા વ્યક્ત કરી!!

''રાજુ. સ્પીકર થવા સાંસદ બનવું પડે. સ્પિકર ન હોય તો સ્પીકરની પેનલના સભ્યો સ્પિકર બને છે. કોઇ એરાગેરા નથ્થું ગેરા સ્પિકર ન બની જાય એટલી તકલાદી આપણી લોકશાહી નથી!!'' મે રાજુને કહ્યું

રાજુ માટે વેતાળની જેમ ઝાડ પર જવા સિવાય કોઇ ચારો ન રહ્યો!!

ભરત વૈષ્ણવ

# સાંસદ રાઘવ ચડાને સંસદ ભવન બહાર કાગડાએ ચાંચ કેમ મારી??

'' કાં કાં કાં કાં કાં''

''કાં કાં કાં કાં''

'' કાં કાં કાં કાં''

નવી સંસદના કંમ્પાઉન્ડના લીમડાના વૃક્ષ નીચે કાગડાઓનું ચોમાસું સત્ર ચાલું થયેલું. એક વાયરલ વિડીયોના આધારે યુવાન કાગડા સામે મહાભિયોગ દરખાસ્તની ચર્ચા માટે કાગ સંસદની ખાસું ખાસ સભા યોજાયેલ. માત્ર બખડજંતર ચેનલને કવરેજ કરવાના એકસકલુઝિવ રાઇટ મળેલા!!

મે એનાઉન્સ કર્યું,''આઇ એમ ગિરધર ગરબડીયા, રિપોર્ટર કમ પ્યુન ફ્રોમ બખડજંતર ચેનલ . મૈં આપકો કાગ સંસદ લે જા રહા હૂં.ઓવર ટુ કાગ સંસદ વીથ રાજુ રદી કેમેરામેન''

બધા કાગડા એકત્રિત થઇ એક યુવાન કાગડાને ધમકાવતા હતા. યુવાન કાગડો શિયાંવિયાં થઇ ગયેલ!!બધા કાગડા યુવાન કાગડાને ચાંચ મારતા હતા. યુવાન કાગડા પર પાંખ પ્રહાર કરતા હતા. યુવાન કાગડા પર ચરકતા હતા. કાકાકાકાની ગૂંજથી અસલી સંસદના પાયા હલી રહ્યા હતા. માત્ર ડોકટર ડેંગની થપ્પડની જ ગૂંજ સંભળાય એવું થોડું છે??ચારે બાજુ કાકાકાકાકાની ગૂંજ. નેવું ડેસિબલથી વધુ અવાજનું પ્રદૂષણ હતું. આના કરતાં બકાલી માર્કેટ કે સંસદમાં જ વધારે ગોકીરો,હાકલા ,પડકારા, ડાકલા સંભળાતા હોય!!

કાગ સંસદના સભાપતિ એવા ખડુસ કાગડાએ યુવાન કાગડાને ખખડાવતા કહ્યુ.'' માનનીય કાગડાજી તમે ,આ દુષ્કૃત્ય કરવાની પરવાનગી લીધી હતી?? તમને ખબર છે કે સંસદમાં કાગળો ફાડવા, માઇક તોડવા, વેલમાં ( વેલ એટલે કૂવો નહીં! અધ્યક્ષની ખુરશી આગળની જગ્યા વેલ તરીકે ઓળખાય છે!!ઓકે ડયુડ!! ) સંસદમાં ધરણા કરવા, આઇપેડ કે મોબાઇલમાં એડલ્ટ કન્ટેન્ટ જેવાની મનાઇ નથી. પરંતુ, તે જે કાંડ કર્યો છે તે અંગે સંસદની રૂલબુકમાં પણ પ્રોવિઝન હશે કે કેમ તે સવાલ છે??

શાસકીય કાગડાએ શાસ્ત્રીય કાકા કા કાકાનો આલાપ કરતા કહ્યું,'' મારા સન્માનીય યુવાન મિત્રે સંસદીય પ્રણાલિકાને શોભે શોભે તેવું કામ કર્યું છે. અમે ટ્રેઝરી બેંચ તેને કોટિ કોટિ અભિનંદન આપતો ઠરાવ પસાર કરીએ છીએ!!

ત્રીજો કાગડો ખાંસતા ખાંસતા તીણા અવાજે બોલ્યો,'' અભિનંદન વાળી ના જોઇ હોય?? અમારા હોનહાર યુવાન તેજ તર્રાર સભ્ય પર જે અનહોની થઇ છે તે તમારા ફેકેશ્વર પર થઇ હોત તો તમે ગામ તો સમજયા જંગલ ગજાવ્યું હોત. ટ્વિટર, ઐશબુક( શબ્દ બરાબર જોખ્યો છે!!ફેસબુક વાસ્તવમાં કેટલાક માટે ઐશ-અય્યાશીના અપના અડ્ડા છે!!) ટેલિગ્રામ, થ્રેડ પર કોમેન્ટોનું કોમેપ્યુટર પૂર આવ્યું હોત.!!! આટલું બોલીને કાગડો ખોં ખોં ખો કરીને ખાંસવા માંડયો!!

એક ફૂલણજી( ભૂલેચૂકે સાહેબનો મગજમાં વિચાર સુધ્ધાં કરશો નહીં!!) કાગડો બોલ્યો,'' નામ બદલવાથી કાગડો કાગડો જ રહે છે! દેશરોહી,ટુકડે ટુકડે ગેંગ, પરિવારવાદી, ભ્રષ્ટાચારમાં લિપ્ત હોય એટલે આપણા વડવા ચાંચ મારે તેમાં શી નવાઇ??કર્મો અહીં જ ભોગવવા પડે!!ઉંદરડીને બદલે કાગડા ખરલ ચાટી જાય એટલે આવું જ થાય!! બોલો મોદી મોદી મોદી . મોદી હૈ તો કૌંઆ કાટ લે યહ મુમકિન હૈ!!''

એક ટકલુ કાગડો બોલ્યો, ''જનતાના પૈસાનું એકસાઇઝ પોલિસીમાં ગબન કરે તો પછી આપણો જાતભાઇ ચાંચ ન મારે તો ચુમ્માચાટી કરે?? લોકોનો વિકાસ કરવા દિલ્હીમાં ડબલ એન્જિન કાગડાઓની જરૂર છે, જે બાજને પણ ભૂ પાઇ દે!! ''

'' આ યુવાન કાગડાએ નેતાને ચાંચ મારી તો તેના ઇનામ બિનામનું વિચારવાનું છે કે પછી કાં કાં કરી કકળાટ જ કરવાનો છે??'' સામાજિક કાર્ય કરી બ્રેડ બટર કમાનાર કાગડાએ પોઇન્ટ ઓફ એવોર્ડ-રિવોર્ડ ઉપસ્થિત કર્યો!!

'' ભાઇ, તારે એ નેતા સાથે પુસ્તૈની વેરઝેર હતું કે તે નેતાને ચાંચ મારી? પછી ફન ફોર ફનનો ખેલ પાડ્યો ??'' એક પત્રકાર કાગડાએ યુવાન કાગડા પાસે વિડીયો બાઇટ માંગી!!

ભારત રિપબ્લિક ચેનલના રિપોર્ટર અર્બન ગૌસ્વામી( એટલે કે બળદ!!) જેવો નૌટંકી કાગડો ટેબલ પર હાથ પછાડી ઊંચા અવાજે બોલ્યો ,'' નેશન વોન્ટસ ટુ નો ઘેટ નેતાને ચાંચ માર્યા પછી કાગડાને ઇજાબીજા થઇ છે કે નહીં. આઇ વોન્ટ ટુ ડિસ્કસ વીથ બ્રેવ કો . આઇ વોન્ટ ડ્રગ્ઝ!!''

'' એક વખત મારે એક ભાઇ સાથે શ્રાધ્ધના ભોજન બાબતે વાંધો પડેલો. મેં તેને વાઇન પણ સર્વ કરવા કહેલું. એ ચોખલિયા હતો. તેણે તેમ કરવાની મનાઇ કરી. મારે કયાં વાઇન પીવાનો હતો? ચોખલિયાવેડા કરનારના પિતૃને કાગડા કુરિયરથી વાઇન પહોંચાડવાનો હતો! મને ગુસ્સો આવ્યો. એ જેવો ઘરમાંથી બહાર નીકળે કે હું તેને ચાંચ મારું !! ચાંચ પ્રહારથી બચવા એ તપેલું કે કથરોટ માથે હેલ્મેટની માફક લગાવી ફરતો રહ્યો!!'' એક ખોચરા કાગડાએ એક વેરકથા શેર કરી!!

એક ઢોંગી બાબા ટાઇપ કાગડાએ કહ્યું, '' એક વાર દેવાધિદેવ ઈન્દ્રના એટલે કે બિગડેલ બાપની બિગડેલ ઔલાદ એવા જયંતે કાગડાનું રૂપ લઇ સીતા માતાના ચરણ કમળને ચાંચ મારવાનું દુસાહસ કરેલ. ભગવાન રામે છોડેલા તીરે ગાઇડેડ મિસાઇલની જેમ કાગડાનો પીછો કર્યો. છેવટે વહટી થઇ. ભગવાન રામે જયંતને જીવતદાન આપ્યું પણ તેની આંખ લઇ લીધેલ!!''

એક બટકબોલો કાગડો વાંકી ડોક કરી નેતાની માફક પાંખ લાંબીટૂંકી કરી ઉગ્રતાથી બોલવા માંડ્યો ,'' કેટલાક અસહિષ્ણુ લોકો આપણે રામ બોલતા નથી તેવો આક્ષેપ કરે છે. મારે કહેવું છે કે જાવ પેલા લીલા મઝહબી કાગડા પાસે જય શ્રી રામ બોલાવો. તેની પાસે વંદે માતરમ બોલાવો, ભારત માતાની જય બોલાવો. પછી આપણા સમાજનું નામ લે!''

'' આપણે કા કા કરીએ . કેટલાક લોક કહે કે આપણે કોઇના ઘરે મહેમાન આવવાના હોય તેનો એલર્ટ મેસેજ પાસ ઓન કરીએ છીએ. જેમને મહેમાનની લપનછપ્પન પસંદ ન હોય તેવા લોક આપણને તેના ઘરની આજુબાજુ ફરકવા દેતા નથી '' એક કાગડાએ લોકવાયકાની કરૂણાંતિકા રજૂ કરી. બધી કાગડાની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. આ રિયલ ટિયર હતા!!મગરના આંસુ વર્ચ્યુઅલ હોય!!

'' જે લોકો જુઠ્ઠું બોલે તેને કૌઆ કાંટે એવી કહેવત છે. જે નેતાને આપણા જાતભાઇએ ચાંચ મારી તે બે નંબરનો જુઠાડો હતો. એટલે જુઠ બોલે કૌંઆ કાંટે એવું પુરવાર થયું. આપણા જાત ભાઇને એલજી સાહેબે ચાંચ મારવા ઉકસાવ્યો હોય કે સાહેબે કાગડાને મોકલ્યો હોય. એ કાગડો ઇડી કે સીબીઆઇનો અધિકારી હોઇ શકે!!''એક અંધભકત કાગડાએ કોમેન્ટ કરી. જો કે, એ કાગડો હતો, કાગડી હતી કે થર્ડ જેન્ડર હતો તેનો ડીએનએ રિપોર્ટ અમને મળ્યો નથી!!

બધી ચર્ચાના અંતે સભાપતિ મહોદયે યુવાન કાગડાને તેનો જવાબ રજૂ કરવા સૂચના આપી!!

'' મેં જે નેતાના માથામાં ચાંચ મારી એ તો ગોરો ચિટો છે. હોશિયાર અને ઈન્ટેલિજન્ટ છે. હમણા તેણે સેન્યુઅલ હીરોઇન પરિણીતી સાથે સગાઇ કરી. આમાં તો કાગડો દહીંથરું લઇ ગયું એમ પણ ન કહેવાય. કેમ કે તેનું નામ રાઘવ છે! ભગવાન રામ જેવું નામ છે!! પરિણીતી જેવી રસમલાઇ, રબડી, બાસુંદી પણ ઝાંખી પડે તેવી હોટ, સિઝલીંગ છમકછલ્લો સાથે સગાઇ કરે અને અમારા જેવા મોસ્ટ એલિજીબલ બેચલર કાગડા રહી જાય!! હવે અમારે કયાં દાણા નાંખવાના કે પેટ્રોલ બાળવું પડશે.અમ્,કાગડા ફસ્ટ્રેટ થાય. કાગડા ઇરિટેટ થાય તો ચાંચ જ મારે કે નહીં??'' કાગડો વધુ બોલે તે પહેલાં.

એકત્ર થયેલ ભીડને તિતરબિતર કરવા પોલીસ લાઠીચાર્જ કરે ને પલક ઝપકતાં ભીડ

વિખેરાઇ જાય તેમ કયાંકથી ઘોઘર બિલાડો ધસી આવતા બધા કાગડા જીવ બચાવવા પાંખો ખોલી ટેઇક ઓફ કરી લીમડા પર લેન્ડ થયા!! ઘોઘર બિલાડો ખસિયાણો પડી ખડો રહ્યો!!

ભરત વૈષ્ણવ

## સસલાનો વીમો ના મંજૂર કરતી સમયે સસલાને શીંગડા કેમ નથી તેવો વીમા કંપનીએ વાંધો કાઢેયો !!!!

વીમા કંપનીઓ ગ્રાહકનો વીમો ઉતારતી સમયે (એજન્ટોની ભાષામાં કસ્ટમરને બૂચ મારતી સમયે !!) વિવેકી, વિનમ્ર, આજ્ઞાંકિત,કહ્યાગરા,હિતચિંતક હોય તેવી છાપ પાડે છે.અડધી રાત્રે વીમાનું પ્રીમિયમ લઇ લે! કંઇ થાય તો અમે બેઠા છીએ.ટેન્શન નહીં લેને કા જેવી ફિલ્મી સ્ટાઇલમાં ખાતરી આપે છે. અલબત,પ્રિમિયમની પહોંચ આપવામાં અખાડા કરે છે.એજન્ટો સગા સહોદર હોય તેવું વર્તન,નર્તન અને કીર્તન કરે છે!! બરજાત્યા પ્રોડકશનની ફિલ્મની જેમકહે હમ સાથ સાથ હૈ!!જો કે,વીમા કંપની કે એજન્ટ દ્વારા મુંડાઇ જોવ પછી બિન્દાસ્ત કહે છે કે હમ આપ કે હૈ કૌન??અથવા કહે કે હમ તો ઠહરે પરદેશી સાથ કયું નિભાંયેંગે.થોડા અક્કડ થઇને કહે કે ખુલ્મખુલ્લા નાગાઇ કરેંગે હમ ઇસ દુનિયાસે નહીં ડરેંગે હમ વીમાવાલે!!( આને કહેવાય કે કૂવામાં ઉતારી વરત-દોરડું કાપી નાંખવું !!)

જીવન અનિંશ્ચિતતાથી ભરેલ છે.આપણે અકસ્માત કે દૈવી પ્રકોપ કે દુર્ઘટના નિવારી કે ટાળી શકતા નથી.કેમ કે આપણે ખુદા હોવોનો દાવો કરી શકીએ,અપિતું,ખુદા બની શકતા નથી.આપણે બહુ બહુ તો નાખુદા બની શકીએ. પોલીસ દાદા ગુનેગાર પર થર્ડ, ફોર્થ કે ફિફથ ડીગ્રીનું ટોર્ચર કરે તેમ આપણે ભારે વરસાદથી થતા નુકસાનને નિવારવા વાદળો પર થર્ડ ડીગ્રીનું ટોર્ચર કરી શકતા નથી કે વાદળ પર લાઠી ચાર્જ કરી વાદળોને તિતરબિતર કરી શકતા નથી.આગની ઉપર સર્જીકલ સ્ટ્રાઇક કરી શકતા નથી.ધરતીકંપ સાથે ત્રીજું વિશ્વયુદ્ધ કરી શકતા નથી.જીવલેણ બીમારીને ખોખાની લાંચ આપી રોગને ચેકની જેમ દુશ્મનના ખાતે કેરી ફોરવર્ડ કરી શકતા નથી. માનવસર્જિત કે કુદરતી આફતોથી થતા આર્થિક નુકસાનને સરભર કરવા વીમાનું તણખલું ઝાલી શકીએ છીએ.આવું નુકસાન થાય તો આપણને વળતર મળે તો ફિનિકસ પંખીની માફક બેઠા થઇ શકાય છે!! એલઆઇસીના એજન્ટ જળો જેવા છે.તમારી પંદરમી મુલાકાત લઇને તમને બાટલામાં ઉતારી જ દે છે.એટલે જ કહેવાય છે કે એલઆઇસી જીવન કે સાથ ભી,જીવન કે બાદ ભી!!

મિશન ઈમ્પોસિબલ ડેડ રેકનિંગ' રિલીઝ થઇ ચૂકી છે. આ ફિલ્મના નિર્માતાએ ફિલ્મનો વીમો લીધો હતો, જેના કારણે તેમને વીમા કંપની તરફથી ૫ મિલિયન ડોલર એટલે કે ૪૧ કરોડ રૂપિયાનું વળતર મળ્યું હતું. જો કે, નિર્માતાઓએ વીમા કંપની સામે કેસ દાખલ કર્યો કારણ કે તેઓ રૂ. ૪૧ કરોડના વળતરથી ખુશ ન હતા. તેમણે ફિલ્મના નિર્માણ પહેલાં ૧૦૦ મિલિયન ડોલર એટલે કે ૮૨૩ કરોડ રૂપિયાનો વીમો લીધો હતો. હોલિવુડ સિંગર મારિયા કેરીએ તેના પગનો રૂ. ૮,૨૪૧ કરોડનો વીમો કરાવ્યો છે. ફિલ્મ 'બાહુબલી'નો ૨૦૦ કરોડનો વીમો હતો. જુલિયા રોબર્ટસ નામની અભિનેત્રીએ તેના સ્માઇલ માટે રૂપિયા બસો સત્યાશી કરોડનો,( અમે હાસ્ય વિના મૂલ્યે પિરસીએ છીએ!!),જેનિફર લોપેઝે હિપ્સ માટે રૂપિયા બસો બાવીસ કરોડ,ટેલર સ્વિફટે પગ માટે રૂપિયા બસો સુડતાળીસ કરોડ , ડેનિયલ ક્રેગે ફૂલ બોડી માટે રૂપિયા અઠ્ઠોતેર કરોડ ,ડેવિડ લી રોષે સ્પર્મ માટે રૂપિયા આઠ કરોડ,જીન સિમંશે જીભ ( આંધળાના આંધળા હોય એવું દુર્યોધન માટે કટુવચન બોલનાર દ્રૌપદીએ તેની જિહ્વા માટે કેટલા ખર્વ-નિખર્વનો વીમો લીધો હતો તેનો ફેડ વેદ વ્યાસે પાડ્યો નથી. કૈકેયી-મંથરાએ રામને વનવાસ અને ભરતને દાદી વચન માંગવા માટે જીભનો વીમો લીધો હશે? વાલ્મીકિ કે તુલસીદાસ ખોંખારીને કંઇક કહો!!!)પણ માટે આઠ કરોડનો વીમો લીધેલ છે.અભિનેત્રીઓ બુબ્સ,નખ અને વર્જિનિટિનો પણ વીમો લે છે!!

તમે કે હું ઘર કે કારનો વીમો લઇએ છીએ.ક્રિકેટ મેચ યોજાય ત્યારે વરસાદ કે બીજી બાબતો માટે વીમો લેવામાં આવે છે.ચંદ્રયાન-૩ માટે પણ વીમો લેવાયો હશે!! ઘર વીમો, ભાડુઆતનો વીમો, વાણિજિયક વીમો, ફાયર પ્રોપર્ટી વીમો, જાહેર જવાબદારી વીમા લેવામાં આવે છે. વિવિધ પ્રકારની મિલકત વીમા પૉલિસીઓ માટે પાત્રતા માપદંડો અલગ-અલગ હોય છે. જો કે, અહીં કેટલીક મુખ્ય આવશ્યકતાઓ છે જે તમારે અરજદાર તરીકે પૂરી કરવી આવશ્યક છે. મિલકત વીમા પૉલિસી પસંદ કરતી વખતે વીમાનું પ્રીમિયમ ,વીમા પોલિસીની મુદત, જવાબદારી કવર, વિસ્તૃત કવરેજ, દાવાઓની નોંધણી,કલેઇમ સેટલમેન્ટ રેશિયો વગેરે બાબતો ઝીણવટથી ચેક કરીને ઉતમ પ્રકારની પોલિસી લેવી જોઇએ.નહિતર ચોરની મા કોઠીમાં માથું ઘાલીને રોવે તે પ્રકારની અનિચ્છનીય સ્થિતિ સર્જાશે!!

તમે માંદગી માટે વીમો લીધો હોય, કંપનીએ પ્રિસ્ક્રાઇબ કરેલ મેડીકલ પ્રેકટીશનર પાસે બીપી ,ડાયાબિટીસ વગેરેનો ટેસ્ટ કરાવેલ હોય તેમ છતાં ખરેખર માંદગી સમયે કેશલેસ ટ્રિટનેન્ટમાં વીમાકંપની અખાડા કરે છે!! ચોર કોટવાલને દંડે તેમ તમને થયેલ રોગ તમારી અસંયમિત અને અનિયંત્રિત જીવનશૈલીને લીધે થયેલ છે.જેનું પોલિસીમાં કવરેજ નથી એટલે કલેઇમ રીજેકટેડ!!( વીમો લેતી વખતે કેમ ભસ્યા નહીં?? સોરી કેમ વિષવચનો વદ્યા નહીં?? એ સવાલ નિરુત્તર રહે છે!!)

મોબાઇલ કે વાહન ચોરીના સમયે કલેઇમ પાસ કરવા પોલીસ ફરિયાદનો આગ્રહ રાખે.પોલીસતંત્ર મર્ડર, એકસટોર્શન,રેપ,કીડનેપિંગની ફરિયાદ નોંધવામાં કબડી કબડી કબડી કે ખો-ખો રમતું હોય તો મોબાઇલ ચોરીની ફરિયાદ કયાંથી લે? જો ફરિયાદ નોંધે અને સોલ્વ ન થાય તો નિયમિતરૂપે યોજાતી ક્રાઇમ કોન્ફરન્સમાં પીઆઇ કે પીએસઆઇ પર શાર્ક કે વ્હેલ માછલા ધોવાય??આમ, ક્રાઇમ રેટ નીચો દેખાડવા ફરિયાદ જ નોંધાય નહીં. ન રહેંગા બાંસ ન રહેંગી બાંસુરી!!

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




N.O.G. S.S No. – 152
વિષય - ગુણ અને દોષ
પ્રકાર - પદ્ય ગઝલ છંદોબદ્ધ
શીર્ષક - કોણ તો ગુણ દોષ જુએ.
શબ્દો - ૯૮

બોલવાનું હોય ત્યાં પણ મૌન રાખે મુખમાં.
શું ફરક ગણવો પછી ચાકર અને એ ભૂપમાં.

કોણ તો ગુણ દોષ જુએ છે અહીં માનવ તણાં,
જાય છે વણઝાર આખી અંધ થઈને કૂપમાં.

વાત કરતાં સ્નેહની પણ મોહમાં ઘુમતાં રહે,
કૈંક ભમતાં લોક જોયાં થઈ દિવાના રૂપમાં.

વાત તારી સાંભળી, જો ના સભા નાચી ઉઠે,
એમ નબળાં ને નકામાં ક્યાંય શબ્દો મુકમાં.

ચિરહરણ થાતું રહે છે રોજ પાંચાલી તણું,
લાજ પડઘાતી રહી સજ્જન તણી તો ચૂપમાં.

થઈ મરદ ગરદન ઝુકાવી જીવવું શું કામનું?
જાત વેંચી લાભ ખાતર ક્યાંય પણ તું ઝૂકમાં.

તો પછી ઉદ્ધાર તારો થઈ જશે પળવારમાં,
કોઈનાં દુઃખ દૂર કરવાં તક મળે તો ચૂકમાં.

દિલીપ ધોળકિયા,"શ્યામ"
જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ગર જીજી ર્દ્ગ ૧૪૯
વિષય : ગુણ દોષ
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૦૦
શીર્ષક : જોવા હોય તો
નામ : પલ્લવી જોષી. સરિતા

જોવા હોય તો હંમેશા કોઈના પણ ગુણને જ જોજો દોષ જોવાની આપને જરૂર નથી ગુણ સામા માણસના જોજો અને દોષ હંમેશા પોતાના જોજો. જો જીવનમાં સુખી થવું હોય તો બીજાના દોસ્ત જોવામાં માણસ પોતે ખુદની જાતને દુઃખી કરે છે એના કરતાં બીજાના ગુણ જોઈને જીવનમાં સુખી થવું શું ખોટું ?

એક પતિ પત્ની નું ઉદાહરણ જોઈએ વર્ષોથી ખૂબ સુખી પરિવાર હતો એકબીજા માટે ધ્યાન આપી દેવા ઘરમાં બધા માણસો હતા પતિ અને પત્ની એકબીજાના ગુણ નથી જોતા અને બસ દોષો જોયા કરે છે એકવાર એવું બને છે કે અચાનક પત્નીની તબિયત બગડી જાય છે પતિ ફટાફટ હોસ્પિટલમાં લઈ જાય છે અને દવા શરૂ કરી દેતા પત્નીને થોડું સારું થાય છે પતિ જ્યારે પત્ની સારી હતી ત્યારે એના દોષો જ જોયા કરતો કોઈ દિવસ ગુનો જોયા જ નથી ગમે તેટલું કામ કરે પણ ક્યારેય પત્નીનું સારું ના બોલે કે વખાણ પણ ના કરે.

પછી જ્યારે પત્ની હોસ્પિટલમાં હતી ત્યારે બાળકોની મા બાપની ઘરકામની રસોઈ પાણીની બધાની જવાબદારી પતિના માથે આવી ગઈ પહેલા કાયમ એક જ વાક્ય મોઢામાંથી નીકળે કે તું આખો દિવસ શું કરે છે? પત્ની કહેતી કાંઈ નહીં હું તો આરામ કરું છું આનું બધું કામ બીજા માણસો આવીને કરી જાય છે પછી જ્યારે પોતાની માથે બધી જવાબદારી આવી બધું કામ કરવાનું આવ્યું ત્યારે ખબર પડી કે નોકરી કરતા ઘરની નોકરી આ પેપર તો ખૂબ અઘરું છે જ્યાં સુધી તમે કોઈ પણ કામ કરો નહીં ત્યાં સુધી એના વિશે તમને ખબર નથી પડતી. આજે જાતે કર્યું ત્યારે પત્નીની અને એના કામની એના ગુણોની કદર થઈ પેલી કહેવત છે આપણી ગુજરાતી ભાષામાં
"મુજ વીતિ તુજ વીતશે ધીરી બાપડીયા"

એક બીજું ઉદાહરણ ગુણદોષનું લઈએ એક દાદા હતા એમનો એક પૌત્ર એટલે કે પુત્રનો પુત્ર હતો એ નાનો હતો ત્યારે એક કાગડા વિશે વાત કરતો દાદા હિસાબ કિતાબ કરતા હતા ત્યારે એમનો પુત્ર એમને કહે બાપા કાગડો થોડીવાર થાય ને દાદા હિસાબ કરવાનું શરૂ કરે કે પાછો કાગડો એમ બોલે જેટલી વાર પુત્ર બોલ્યો એટલી વાર દાદાએ હિસાબ બાજુમાં રાખી પુત્રને જવાબ આપ્યો.

પછી ધીરે ધીરે એ પુત્રનો પુત્ર થોડો મોટો થયો બોલતા શીખ્યો અને પેલો કાગડો પાછો આવીને બોલવા લાગ્યો ત્યારે પુત્રના પુત્ર એ એના પિતાને હિસાબમાં ખલેલ પાડી બાપા કાગડો એવો વારે ઘડીએ બોલીને ત્યારે એનો બાપ ગુસ્સે થઈ ગયો એટલે ખૂણામાં બેઠેલા પૌત્રના દાદાએ કહ્યું એમના પોતાના પુત્રને કે તું નાનો હતો ત્યારે આમ જ સવાલ કરતો હતો અને મેં તને બધી જ ઘડીએ હા બેટા એવો જવાબ આપ્યો હતો અને આજે તું આમ આ નાદાન બાળક પર ગુસ્સે થાય છે બેટા મેં એ દિવસે તારા દોષમાં પણ ગુણ જ જોયા હતા. મેં તારામાં દોષ જોયા હોત તો તું અત્યારે અહીંયા સુધી ના પહોંચ્યો હોત એ રીતે દરેકનામાં ગુણદોષ ગુનાઓ ગુણ હોય છે પણ એને જોવાનો નજરીઓ બદલી નાખો. તમને આપોઆપ એનામાં દોષ ઓછા અને ગુણ વધારે દેખાશે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

N.O.G. S.S No. – 112
વિષય - ગુણ અને દોષ
પ્રકાર - પદ્ય
શીર્ષક - ગુણ - દોષ સાંભળવા ન કોઈ તૈયાર

દુર્ગુણ ત્યજો દેહથી , સજાવો સદગુણોના શણગાર,
કામ,ક્રોધ,મદ, મોહ ત્યજી, ન રાખો અહમ અણસાર.

ગુણ અને અવગુણ ધરાવે, સર્વ માનવ આ સંસાર,
છોડી દો બધી કુટેવો,એતો બધી છે ખોટાની વણઝાર .

ગુણ દોષ મહી સર્વ જગત , સંપૂર્ણ એક છે ઈશ અવતાર
સજ્જન ઢાંકે દોષને .દુર્જન કરે જગત મહી પ્રચાર .

દોષ હોય દુર્જન તણો , છતા સજ્જનતા મળે ધિક્કાર,
ગુણિયલ તણા ગાન કળયુગમાં, અભેરાય પર જણાય.

સજ્જન રહે ચૂપ , દોષિત કરે છે આજે બહુ બડાઈ,
લાજવાને બદલે ગાજે, આ દુઃખ સાંભળવા ન કોઈ તૈયાર.

રાજેશભાઈ વ્યાસ ," રાજ "
ધ્રુવનગર,,,મોરબી

# એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદાના ભાવમાં રૂ.૧૪નો સુધારોઃ સોના-ચાંદીમાં સામસામા રાહ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૭૧,૨૨૨ સોદાઓમાં કુલ રૂ.૩૬,૧૫૫.૫૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૪,૯૩૦.૩૧ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૧૨૧૯.૭૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૩૫,૫૪૮ સોદાઓમાં રૂ.૨,૬૧૧.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૯૮૦ અને નીચામાં રૂ.૫૮,૭૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૮ વધી રૂ.૫૮,૯૩૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૧ વધી રૂ.૪૭,૭૯૭ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૫,૮૬૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫ વધી રૂ.૫૮,૬૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૦,૦૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦,૧૨૯ અને નીચામાં રૂ.૬૯,૮૨૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯ ઘટી રૂ.૬૯,૯૭૨ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૯ ઘટી રૂ.૭૦,૧૨૮ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૮ ઘટી રૂ.૭૦,૧૫૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૦૮૩ સોદાઓમાં રૂ.૧,૧૮૦.૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૨૯.૨૦ના ભાવે ખૂલી, રૂ.૫.૧૦ ઘટી રૂ.૭૨૩.૬૦ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૯૫ ઘટી રૂ.૧૯૮.૪૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩.૨૫ ઘટી રૂ.૨૧૮ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૮૫ ઘટી રૂ.૧૯૮.૭૦ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૩.૧૫ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩.૧૫ ઘટી રૂ.૨૧૮ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૫૦૮ સોદાઓમાં રૂ.૧,૧૨૮.૯૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૮૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૮૯૭ અને નીચામાં રૂ.૬,૮૧૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪ વધી રૂ.૬,૮૮૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૬ વધી રૂ.૬,૮૮૬ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૯ના ભાવે ખૂલી, રૂ.૪.૮૦ વધી રૂ.૨૩૩.૪૦ અને નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો ૪.૯ વધી ૨૩૩.૫ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૯.૪૬ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૫૦૦ અને નીચામાં રૂ.૬૦,૦૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૦ વધી રૂ.૬૦,૩૮૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૯૦ ઘટી રૂ.૮૭૭.૬૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૨૫૯.૦૫ કરોડનાં ૨,૧૩૭.૯૯૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૩૫૨.૩૧ કરોડનાં ૧૯૨.૨૮૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૬૧૯.૪૭ કરોડનાં ૯૦૩,૪૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૫૦૯.૫૨ કરોડનાં ૨૧,૮૪૧,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૭૨.૮૪ કરોડનાં ૮,૬૫૯ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૦.૪૭ કરોડનાં ૧,૧૧૭ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૬૦.૧૩ કરોડનાં ૭,૭૨૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૨૭.૦૬ કરોડનાં ૧૯,૪૮૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૦૫ કરોડનાં ૬૭૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૫.૪૧ કરોડનાં ૬૧.૫૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૯૬૨.૨૮૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૬૩.૨૦૬ ટન, તાંબાના વાયદાઓમાં ૧૮,૬૬૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૬,૫૩૧ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૯૧૧ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૭૮૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૯૮૫,૪૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩૯,૦૬૫,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૯,૪૪૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૪૨૨.૨૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૫.૫૦ કરોડનાં ૭૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૯૦૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૭૦૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૩૩ અને નીચામાં ૧૫,૬૮૯ બોલાઈ, ૪૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯ પોઈન્ટ વધી ૧૫,૭૨૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩૧૨૧૯.૭૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૧૬.૭૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૧૩.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭૬૬૧.૩૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૩૧૮.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૭૦.૪૪ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૯.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૯.૫૦ અને નીચામાં રૂ.૮૪.૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨.૧૦ વધી રૂ.૧૧૫ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૪૦ અને નીચામાં રૂ.૯.૬૫ રહી, અંતે રૂ.૩.૦૫ વધી રૂ.૧૨.૧૦ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૦૩ અને નીચામાં રૂ.૩૫૨.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭ વધી રૂ.૩૯૪.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ઓગસ્ટ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૩ ખૂલી, ઉપરમાં રૂ.૩૪૦ અને નીચામાં રૂ.૩૦૦.૫૦ રહી, અંતે રૂ.૧૮.૫૦ ઘટી રૂ.૩૨૯ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૧ વધી રૂ.૧,૩૦૪ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૯૬ના ભાવે ખૂલી,

આભાર - નિહારીકા રવિયા રૂ.૫૦.૫૦ વધી રૂ.૧,૩૪૨ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૫૦ ઘટી રૂ.૩.૧૫ જસત ઓગસ્ટ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ ઘટી રૂ.૨.૮૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૬.૪૦ અને નીચામાં રૂ.૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫.૯૦ ઘટી રૂ.૮૪ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૭૫ ખૂલી, ઉપરમાં રૂ.૯.૮૦ અને નીચામાં રૂ.૮.૨૫ રહી, અંતે રૂ.૧.૮૦ ઘટી રૂ.૮.૫૦ થયો હતો.

# પંચમહાલ જીલ્લાનાં શહેરા તાલુકાનાં ઉજડા ગામમાં મનરેગાના કામના બીલો બારોબાર ચૂકવાઈ ગયા : હિરેન બેંકર

પંચમહાલ જીલ્લાનાં શહેરા તાલુકાનાં ઉજડા ગામમાં મનરેગાના કામના બીલો બારોબાર ચૂકવાઈ ગયાના પુરાવા રજુ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે પંચમહાલના શહેરા તાલુકાના ઉજડા ગામના જુદા જુદા સર્વે નંબર ઉપર કોઈપણ પ્રકારની ચેકવોલ, કુવો કે અન્ય કામગીરી ન હોવા છતાં લાખો રૂપિયાના બીલ ચુકવવામાં આવ્યાં છે. જ્યાં છ મહિના પહેલા જે સ્થળે કાગળ ઉપર ચેકડેમ બનાવવામાં આવ્યો હતો તે જ સ્થળે ફરીથી કાગળ ઉપર કુવો બનાવવાનું ધુપ્પલ ચાલી રહ્યું છે. પેમેન્ટ શીટમા દર્શાવેલ શ્રમિકોએ કોઈ દિવસ કામ માટે અરજી પણ કરી નથી, મનરેગાની સાઈટ પણ જોઈ નથી મનરેગામા કામ પણ કર્યુ નથી તેવા લોકોના નામે જોબકાર્ડ બની ગયા, ખાતા ખુલી ગયા અને એમના ખાતામા લાખો રૂપિયાના પેમેન્ટ પણ થઈ ગયા અને ઉપડી પણ ગયા. કેન્દ્રની તત્કાલીન યુપીએ સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની ગેરંટી આપવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર - 'મનરેગા'નો કાયદો લાવવામાં આવ્યો હતો.પરંતુ પંચમહાલનાં શહેરા તાલુકામાં એક ગામમાં જ ૪૦ લાખથી વધુનું સુનિયોજિત રીતે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે તો આખા જિલ્લામાં કેટલી મોટા પ્રમાણમાં કૌભાંડ ચાલતું હશે? જે ચિંતાનો વિષય છે એક માત્ર શહેરા તાલુકમાં ૯૧ જેટલા ગામ આવેલ છે. જો એક માત્ર ઉજડા ગામમાં આ પ્રકારના લાખો રૂપિયાનું કૌભાંડ થતું તોય તો પંચમહાલના માત્ર શહેરા તાલુકા વિસ્તારમાં કાગળીયા પર કામ, બનાવટી કામગીરી, ખોટા જોબકાર્ડ, નકલી બીલો સહીતના કૌભાંડનો આંકડો ૨૦૦ કરોડને આંબી જાય તો નવાઈ નઈ. ચેકવોલ, માટી મેટલ અને કુવા જેવા અગત્યના કામોની માત્ર કાગળીયા પર કામગીરી થઈ રહી છે. સર્વે નંબર પર સ્થળ પર કોઈપણ પ્રકારની વાસ્તવિક કામગીરી ન હોવા છતાં લાખો રૂપિયાના બીલો બારોબાર જોબકાર્ડ બનાવી ભાજપના મળતીયાઓ દ્વારા સુનિયોજત રીતે કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસ પક્ષ દ્વારા 'મનરેગા-રોજગાર ગેરંટી કાયદા' થકી સ્થાનિક રોજગારી મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું જેમાં મનરેગા કાયદામાં ૧૦૦ દિવસની રોજગારીની ગેરંટી આપવામાં આવે છે જયારે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં મનરેગા કાયદા હેઠળ સરેરાશ માત્ર ૪૧થી ૪૫ દિવસની રોજગારી આપવામાં આવે છે જે રાષ્ટ્રીય સરેરાશ રોજગારી કરતા પણ ઓછી છે. સમગ્ર દેશભરમાં અને ગુજરાત રાજ્યમા મનરેગા કાયદા હેઠળ ઘણા બધા ગરીબ - શ્રમિક પરિવારો મહેનત કરી ગુજરાન ચલાવતા હોય છે. પરંતુ આ 'સુનિયોજીત કૌભાંડ'ને કારણે ખરેખર જે ગરીબ છે તેમને મળવાપાત્ર કામ મળતું નથી. મળતિયાઓ મલાઈ ખાઈ જાય છે અને ખોટા લોકોના એકાઉન્ટો બનાવીને પૈસા ઉપાડી લેવામા આવે છે. ભ્રષ્ટાચારમાં કેટલા ભૂતિયા, ખોટા જોબકાર્ડ બનાવવામાં આવ્યા છે? કેટલા સાચા જોબ કાર્ડ છે અને કેટલા બંધ થઈ ગયા છે તેમજ ચાલુ કામ અને પૂર્ણ થઈ ગયેલા કામની ગુણવતા-ચુકવણી સહિતની બાબતોની સમગ્ર ગુજરાતમાં ચાલી રહેલા કરોડો રૂપિયાનું સુનિયોજિત કૌભાંડની તટસ્થ-યોગ્ય તપાસ થાય તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે. રાજીવ ગાંધી ભવન ખાતે મનરેગાનામાં ચાલતા સુનિયોજિત કૌભાંડ ઉજાગર કરતી પત્રકાર પરિષદમાં પંચમહાલ જીલ્લાના જાગૃત નાગરિક અને કોંગ્રેસ પક્ષના આગેવાન શ્રી ભગીરથસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

# "વિશ્વ અંગદાન દિવસ" દિવસ નિમિતે સિવિલ હોસ્પિટલમાં ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટનો કાર્યક્રમ યોજાયો

દર વર્ષે ૧૩ ઓગસ્ટનાં દિવસે અંગદાન અંગેની જાગૃતિ હેતુ "વિશ્વ અંગદાન દિવસ" ઉજવવામાં આવે છે. ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં માણસનાં મૃત્યુ પછી ચક્ષુદાન, અંગદાન કે દેહદાન કરવાની જાગૃતિ ખુબ ઓછી છે. ક્યાંક સમાજિક કે ધાર્મિક બંધનોમાં રહીને વ્યક્તિ આ અંગે કોઈ પહેલ કરતો નથી. મૃત્યુ પછી શરીર નીશ્ચેસ્ત બની જાય છે. આવા સમયે શરીરમાં રહેલા અંગો દુનિયામાં વાસ કરી રહેલા કોઈ બીમાર કે નિઃસહાય વ્યક્તિને કામ આવી શકે છે. ધારો કે કોઈ વ્યક્તિ અંધ છે અને અન્ય વ્યક્તિનું મૃત્યુ થાય છે એ પહેલા એણે ચક્ષુદાનનું સંકલ્પ પત્ર ભરેલું છે તો તેની આંખો લઈને અંધ વ્યક્તિને આપવામાં આવે છે. જે વ્યક્તિ અંધ છે, જેણે આજ સુધી દુનિયા જોઈ જ નથી તે કોઈ મૃત્યુ પામેલ વ્યક્તિની આંખો થકી દુનિયાને જોઈ શકે છે. આવી જ રીતે અંગદાનમાં કોઈ વ્યક્તિનું બ્રેન ડેડ થઈ ગયું હોય પણ તેનાં સમગ્ર અંગો કાર્ય કરતા હોય તો તેનું હૃદય, બંને કીડની, લીવર, પેન્ક્રીયાઝ વગેરે લઈ લેવામાં આવે છે અને કોઈ બીમાર વ્યક્તિ કે જેના આ અંગોમાં કોઈ ખામી હોય અથવા આ અંગો નબળા પડી ગયા હોય તો તેનું રીપ્લેસમેન્ટ કરીને વ્યક્તિ કોઈ મોટી બીમારી કે બીમારીનાં કારણે અકાળે થતાં મૃત્યુથી બચી શકે છે. આ પ્રક્રિયાને તબીબી વિજ્ઞાન ઢ્ઢીષ્ઠીક્ઠજીર્દ્બ ખ્તિઙ્ક્રહ્ ઙ્ખિહજ-ઁ્ક્રહ એટલે કે બ્રેઈન ડેડ નાં અંગોનું પ્રત્યારોપણ એ નામે ઓળખાય છે. આધુનિક તબીબી વિજ્ઞાને માનવજાત માટે કરેલી આ અદભૂત અનુકૂળતા છે. સામે આવીને ઉભેલા મૃત્યુને મ્હાત કરવાનો આ કિમીયો છે. દેહદાનમાં વ્યક્તિનું સમગ્ર શરીર દાન કરી દેવામાં આવે છે.

રાજકોટમાં ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ અને અન્ય અનેક સંસ્થાઓ આ દિશામાં ખુબ જ સારું કાર્ય કરી રહી છે. અત્યાર સુધીમાં આ ફાઉન્ડેશન તેમજ અન્ય સંસ્થાઓનાં સહકારથી ૧૦૫ જેટલા અંગદાન થઈ શક્યા છે. જેમાં ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીઓ ડો. દિવ્યેશ વિરોજા, ડો. સંકલ્પ વણઝારા, ડો. તેજસ કરમટા, મિતલ ખેતાણી, નિતીનભાઈ ઘાટલીયા, વિક્રમભાઈ જૈન, ભાવનાબેન મંડલિ, હર્ષિતભાઈ કાવર, ભાવેશભાઈ ઝીંઝુવાડિયા, વિભૂતિબેન ઝીંઝુવાડિયા તેમજ અન્ય અનેક નાની મોટી સંસ્થાઓ, ડોક્ટર્સ, પેરામેડીકલ સ્ટાફ, પોલીસ તંત્ર, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા, અન્ય સરકારી સંસ્થાઓ, સામાજિક કાર્યકર્તાઓનો મોટો ફાળો રહ્યો છે.

# સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સુપરવાઈઝિંગ ઓફિસર્સ કો- ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી અમદાવાદ દ્વારા તેમના સ્થાપક સ્વ શ્રી બી એમ સંઘવી ની પુણ્યતિથિ ની ઉજવણી




સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા સુપરવાઈઝિંગ ઓફિસર્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી અમદાવાદ દ્વારા પ્રતિ વર્ષ ની માફક આ વર્ષે પણ તેમના સ્થાપક સ્વ. શ્રી બી એમ સંઘવી સાહેબ ની ૪૩ મી પુણ્યતિથિ ની ઉજવણી ના ભાગ રૂપે તા. ૦૫.૦૮.૨૦૨૩ ને શનિવાર ના રોજ સાબરમતી આશ્રમ સ્થિત સ્ત્રી અધ્યાપન મંદિર ની અંતેવાસી એવી લગભગ ૧૦૦ દીકરીઓ ને એક માસ ચાલે તેટલા રાશન માટે નું અનુદાન આપવામાં આવેલ હતું.

ઉપરોક્ત કાર્યક્રમ ની શરૂવાત માં સંસ્થા ના ટ્રસ્ટી શ્રી અજીત દાદા એ ઉપસ્થિત સર્વે મહાનુભાવો નું શબ્દો થી / સૂતર ની આંટી પહેરાવી સ્વાગત કરેલ અને ત્યારબાદ એસબીઆઈ ઓફિસર્સ એસોસિયેશન ના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, પ્રમુખ શ્રી નિલેશ રાડિયા તથા ક્રેડિટ સોસાયટી ના સેક્રેટરી શ્રી કેતન પારેખ દ્વારા પ્રસંગોચીત ઉદબોધન દ્વારા સંસ્થા ની પ્રવૃત્તિ ઓ ને બિરદાવવા માં આવેલ હતી. સાથે સાથે તેમણે સૌ એ આટલી સુંદર અને સારી સંસ્થા ને પસંદ કરવા બદલ શ્રી રોહિત ભાઈ સંઘવી નો ખુબ આભાર માનેલ હતો. ઉપરોક્ત કાર્યક્રમ માં એસોસિએશન ના અન્ય પદાધિકારીઓ શ્રી ચેતન રાઠોડ, શ્રી નિલેશ ભાવસાર, એસબીઆઈ એમ્પ્લોયીઝ યુનિયન ના જનરલ સેક્રેટરી શ્રી અનિલભાઈ ડાવર તથા શ્રી રોહિત ભાઈ સંઘવી ના પરિવાર ના સભ્યો, સગા સંબંધીઓ, મિત્રો વગેરે બહોળી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગ ની શોભા માં અભિવૃદ્ધિ કરેલ હતી તેમજ સારી એવી રકમ અનુદાન તરીકે પણ જાહેર કરેલ હતી. અંત માં સંસ્થા વતી નિમિષા બેન દ્વારા આભારવિધિ કરવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુ શ્રી પ્રિયા દ્વારા કરવામાં આવેલ હતું. અને સમગ્ર કાર્યક્રમ ના આયોજન માટે સ્ત્રી અધ્યાપન સંસ્થા ના શ્રી અનિશ ભાઈ એ ભારે જહેમત ઉઠાવેલ

# બચ્ચન નાના પડદે અભિનય કરવા આવી રહ્યા છે

અમિતાભ બચ્ચન ૮૦ વરસની વયે પણ એકદમ સક્રિય છે.જાહેરાતો ફિલ્મો કોન બનેગા કરોડપતિ વિગેરેમાં સતત કામ કરતા રહે છે ટ્વીટર પર એકદમ સક્રિય છે

અમિતાભ ફરી એક વખત ૧૪ મી ઓગસ્ટથી કોન બનેગા કરોડપતિ લઈને આવી રહ્યા છે.અમિતાભ કોન બનેગા કરોડપતિની આ ૧૫ મી સીઝન છે અમિતાભ ૨૦૦૦ થી આ શોનું સંચાલન કરે છે ખુબ જ શાનદાર ભવ્ય અને આલીશન સેટ હોય છે

ભારતીય ટેલિવિઝનના અત્યંત લોકપ્રિય આ શો આવે છે દરેક સીઝનને પ્રેક્ષકોએ ખુબ જ પસઁદ કરી છે બીજા બધા શોને પાછળ રાખી આ શો નંબર ૧ પર આવી જાય છે

યજ અમિતાભની ફિલ્મ શહેનશાહનો ડાયલોગ " હમ જહાં ખડે હોતે હે લાઈન વહાં સે શુરું હોતી હે " અમિતાભ બચ્ચનને બરાબર શૂટ થાય છેઅમિતાભ કહે છે દેશ બદલાઈ રહ્યો છે તો શો પણ બદલાતો રહેવો જોઈએ બડે શાન સે બડે ગર્વ સે દેખો સબ કુછ બદલ રહા હે અમિતાભે ફિલ્મોમા કરેલા કામના કુલ કેટલા કલાક થાય એની કોઈ ગણતરી શક્ય જ નથી પણ કોન બનેગા કરોડપતિના કલાક ગણવા જેવા છે અમિતાભ કહે છે કે કોન બનેગા કરોડપતિના સેટ પર આવું તો મારામાં એક નવી ઉર્જા નવી શક્તિનો સંચાર થાય છે જેનું કારણ મારાં ચાહકો છે મને એક સાથે કરોડો લોકો જોઈ રહ્યા છે એ લાગણી બહુ ખાસ છે અમિતાભ ૨૦૦૦ૈ થી આ શો સંચાલન કરે છે એટલે અમિતાભ ૨૩ વરસથી આ શોનું સંચાલન કરે છે હા ત્રીજી સીઝનમાં શાહરુખ ખાન હતા પણ બચ્ચન સામે કોઈનો ક્લાસ નહી

અમિતાભ આ શોમા અત્યંત અંગતતા સાથે આવેલા સ્પર્ધકો સાથે વર્તે છે અને શોને લાગણી હાસ્ય રોમાન્સ સહિતના તત્વોથી સભર કરે છે. આના કારણે ભારતીયો આ શો કેવી રીતે રજીસ્ટ્રેશન કરાવવું કે બી.સી ની હોટ સીટ સુધી કેવી રીતે પહોંચવું વિગેરે સવાલો પૂછવા માંડ્યા છે લોકોને અમિતાભ સામે બેસવું છે જો કે આ વખતે કોન બનેગા કરોડપતિમા સુપર સંદૂક ઉમેરયેલી છે જે ભાગ લેનારની સમસ્યાને સરળ બનાવશે કેવી રીતે મદદ કરશે એ માટે થોડી રાહ જોવી પડશે

આ શોમા અત્યાર સુધી ૫ જણા કરોડપતિ બની ચુક્યા છે એક સ્પર્ધક ૫ કરોડ તો બીજા એક સ્પર્ધક ૭ કરોડ જીતી ચુક્યા છે આ શોની સફળતા માટે અમિતાભ ઉપરાત અરુણ કુમારને આપવો પડે.અરુણ કુમાર આ શોના ડાયરેક્ટર છે અરુણકુમારના મનમાં અમિતાભ માટે બહુ આદર છે અરુણકુમાર કહે છે અમિતાભ આ શો ના માત્ર હોસ્ટ જ નથી પણ શો ના સમગ્ર સર્જનમાં અમિતાભ સામેલ રહે છે અરુણકુમાર આ પહેલા સત્યમેવ જયતે સચ કા સામના ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ નચ બલીયા ઝલક દિખલા જા સહિતના લોકપ્રિય શો આપી ચુક્યા છે.

હવે આપણે સૌને ૧૪ મી ઓગસ્ટ ના રાતના ૯ વાગ્યાનો ઇંતેજાર રહેશે.

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત

# કનીજ હાઈસ્કૂલમાં મેગા ટેલેન્ટ હટ ક્વીઝ યોજાઈ

કનીજમુકામેકનીજગ્રામપંચાયત હાઈસ્કૂલમાં મેગા ટેલન્ટ હન્ટ ક્વીઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવેલ..જેમાંપ્રથમ, દ્વિતીયઅનેતૃતીય નંબર લાવનાર વિધાર્થીઓને અનુક્રમે ૨૫૦૦₹૧૫૦૦₹૧૦૦૦રૂપિયારોકડ કવર તેમજ આગળની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ૭ બુક્સનો સેટ આપવામાંઆવ્યોજેથી કરીનેગામડામાંથી આવતા બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષા વિશેનીસમજણઅનેભવિષ્યમાંસરકારી અધિકારીબનવામાટેસાહેબોદ્વારાઆજ રોજ માર્ગદર્શન આપવામાં આવ્યું.જેમાં કાર્યક્રમનો તલાટી શ્રી રાહુલસિંહજાદવદ્વારા સમગ્રખર્ચઉપાડવામાંઆવેલ..સ્પર્ધામાં પ્રથમ નંબરના વિજેતા ક્રિષ્ના કુંવરબા ભરતસિંહજાદવબીજા નંબરેરબારીદ્રષ્ટિ વિક્રમભાઈ તથા ત્રીજા નંબરે હરપાલ શૈલેષસિંહ પરમાર આવેલ છે આજના કાર્યક્રમના મુખ્ય મહેમાન મહેમાન શ્રી વિપુલ ભાઈ પટેલ સાહેબ પ્રમુખસ્વામી વિનય મંદિર નેનપુર રાજ્ય સરકારના સર્વશ્રેષ્ઠ પારિતોષિત વિજેતા શિક્ષક શ્રી તથા તથા સ્વામી વિવેકાનંદ કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રસિંહજી જાદવ કનીજગ્રામપંચાયતનાઉપસરપંચ શ્રી ભુપેન્દ્રસિંહજી વિક્રમસિંહજી જાદવ હલધરવાસ હાઈસ્કૂલના શિક્ષક શ્રી ગીરીશભાઈ સરસવણી હાઈસ્કૂલના શિક્ષકશ્રી રાજુભાઈ પટેલ, આઈટીઆઈ સુપરવાઈઝર ધર્મવીરસિંહ તથા શૈલેષભાઇ, છઝઈ એકેડમી સંચાલક



પરેશભાઈ અને અને અધ્યક્ષ સ્થાનેથી વિપુલભાઈ પટેલ સાહેબે વિદ્યાર્થીઓને પ્રસંગો ચિત ઉદબોધન કર્યું હતું કનીજ હાઈસ્કૂલના તમામ વિદ્યાર્થીઓમાંહુંરાહુલ જોઉં છું. સરદાર વલ્લભભાઈ પટેલ બેરિસ્ટર બનવા માટે ઇંગ્લેન્ડ ગયા ત્યારે દરરોજ ૧૧ માઈલ ચાલીને લાઈબ્રેરીમાં જતા હતા અનેઅઢી વર્ષમાંપરીક્ષા પહેલા નંબરે પાસ કરી ૫૦ પાઉન્ડનું ઈનામ મેળવ્યું. વિદ્યાર્થીઓ તમારામાં ખૂબ સુક્ષ્મ શક્તિઓ પરેલી છે. સારું શિક્ષણ મેળવી ભવિષ્યના દેશના ઉજવળ નાગરિક બનો અને જેપણ ક્ષેત્રમાં કાર્ય કરવાની તક મળે ત્યાં કંઈ જ હાઈસ્કૂલનું ગૌરવ વધારો તેમજ રાહુલભાઈ જેવા વિચારો થકી ગામડાના અન્ય વિદ્યાર્થીઓને ઉપયોગી બનવાની ભાવનાનું પવિત્ર ઝરણું સદાય માટે તમારા હૃદયમાં વહેતું રહે તેવા ભાવ સાથે મારુ વક્તવ્ય પૂર્ણ કરેલું કનીજ હાઈસ્કૂલના કાર્યકુશર નવ નિયુક્ત આચાર્યશ્રી વિશાલભાઈ પટેલ નો વિદ્યાર્થીઓ માટે અતુલ્ય પ્રેમ અને માર્ગદર્શન હોવાથી વિદ્યાર્થીઓ ઉત્તરો ઉત્તર પ્રગતિ કરી રહ્યા છે તેમાં રાહુલ જેવા અનેક વિદ્યાર્થીઓ આવનાર સમયમાં કનીજ હાઈસ્કૂલમાંથી ખનીજ સ્વરૂપે વિદ્યાર્થીઓ પ્રગતિ કરે તેવું ઉત્તમ કામ આચાર તેઆચાર્ય તરીકે મારા અંગત મિત્ર વિશાલભાઈ કરી રહ્યા છે.

# આધ્યાત્મિક રીતે સાચી સ્વતંત્રતા કેવી રીતે મેળવવી? - સંત રાજીન્દર સિંહજી મહારાજ

ભારત ૧૫ ઓગસ્ટે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરે છે. દેશમા આ રજા નો દિવસ હોય છે. આઝાદી આપણી આત્માની મુક્તિ અને સ્વતંત્રતાને પણ દર્શાવે છે.આપણામાંના મોટાભાગના લોકો પોતાને શરીર અને મન માને છે; કેટલાક લોકોને ખ્યાલ છે કે આપણો બીજો ભાગ છે જે,આપણી આત્મા છે? આપણે શરીર અને મન કરતા વધારે છીએ; આપણે આત્માઓ છીએ. જ્યારે આપણી આત્મા, મન અને શરીરના બંધનથી પોતાની સ્વતંત્રતા જાહેર કરે છે, ત્યારે તે આનંદ સાથે જીવે છે. આત્મા આધ્યાત્મિક ક્ષેત્રમાં મુસાફરી કરી શકે છે અને એ એના પરમાત્મા જોડે મિલાપ કરે છે.વૈજ્ઞાનિક અને સંતો ના હિસાબે



સાચી સ્વતંત્રતા ત્યારે આવે છે જ્યારે આપણે મૌન બેસીએ છીએ, આંખો બંધ કરીએ છીએ, અંદર ધ્યાન કરિશૂ અને દૈવી અનુભવ કરીશું. આંતરીક પ્રકાશ જોવા અને સંગીત સાંભળવા માટે આંતરીક જાગૃતિ અથવા આંતરિક આંખ ખુલીને આ યાત્રાની શરૂઆત થાય છે. આપણી આત્મા ધ્યાન અભ્યાસ થી યાત્રા નુ અનુભવ કરે છે.

જ્યારે આપણે આપણા લાગતાવળગતા દેશોમાં બાહ્ય સ્વતંત્રતા દિવસો ઉજવીએ છીએ, પછી ભલે તે ભારતમાં ૧૫ ઑગસ્ટ હોય, અથવા જુદા જુદા દેશોમાં જુદી જુદી તારીખે, ચાલો આપણે પણ આપણી આધ્યાત્મિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ રહીએ. આપણે આંતરિક જ્યોતિ અને શ્રુતિ પર ધ્યાન આપીને આ કરી શકીએ છીએ જે આપણા આત્માને ઓળખવા માટે દોરી જશે કે આપણે શારીરિક શરીર અને બુદ્ધિથી વધુ છીએ. આપણે આત્મા છીએ, દૈવીનો એક ભાગ છે, અને આપણો સાચો ભાવ આનંદ અને પ્રેમ છે.



વિશ્વ હિન્દુ પરિષદ કેન્દ્રિય માર્ગદર્શક મંડળ ની બેઠક હરિદ્વાર તીર્થ ક્ષેત્ર ખાતે ગત મેં માસ માં મળેલ જેમાં અયોધ્યામાં ભગવાન રામ ચંદ્રજી ના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની ભવ્ય રીતે ઉજવણી કરવાની છે જેમાં સમગ્ર દેશ માં અલગ અલગ પંથ અને સંપ્રદાય ના સંતો ને આમંત્રિત કરવા ના હોઈ વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત ધર્મ આચાર્ય સંપર્ક પ્રમુખ ધીરુભાઈ કપુરીયા નો પ્રવાસ મહેસાણા વિભાગમાં થયેલ જેના અનુસંધાને બટુક બાપુને પણ મળવાનું થયેલ પ્રવાસમાં સાથે મહેસાણા વિભાગ વિશ્વ હિન્દુ પરિષદ ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ નીતિનભાઈ વ્યાસ તેમજ રાધનપુર જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ મંત્રી ધીરજભાઈ ચૌધરી જોડાયા હતા

# કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા 'સાત્વિક આહાર' વેબીનાર શ્રેણીનું આયોજન




કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા 'સાત્વિક આહાર' વેબીનાર શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. વેબીનારમાં આયુર્વેદાચાર્ય ડૉ. હિતેશ જાની 'ભોજન હી ભૈસજ' એટલે કે આહાર જ ઔષધ વિષય પર માર્ગદર્શન આપશે. આયુર્વેદાચાર્ય ડૉ. હિતેશ જાની ગર્ભોપનિષદ ફાઉન્ડેશન જામનગર (ગુજરાત)નાં સ્થાપક, આયુર્વેદ ચિકિત્સક, પંચકર્મ ફેકલ્ટી, તાલીમ નિષ્ણાંત, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (ઈજીજી)નાં પ્રશિક્ષિત સ્વયંસેવક, બી.જે.પી ગુજરાતનાં ભૂતપૂર્વ રાજ્ય સચિવ, જામનગર જિલ્લાનાં રોટરી ક્લબનાં ભૂતપૂર્વ પ્રમુખ છે. તેમને ૪ દાયકાથી વધુનો ક્લિનિકલ અનુભવ છે. તેઓ પરંપરાગત આયુર્વેદ નાડી પરિક્ષણનાં નિષ્ણાંત છે. તેમણે આયુર્વેદ પંચગવ્ય અને ગર્ભવિજ્ઞાન પર વિસ્તૃત સંશોધન કર્યું છે. ડૉ. હિતેશ જાનીએ તેમની કારકિર્દી દરમિયાન આજ સુધી ૪૦,૦૦૦ થી વધુ દર્દીઓની સારવાર કરી છે. તેમણે પોતાના જીવનમાં ગૌ વિજ્ઞાન, ગર્ભ વિજ્ઞાન, લોકાર્યુવેદ જેવા વિષયોનું જ્ઞાન લોકોને આપ્યું. તેમણે આયુર્વેદ સંબંધિત ઘણા પુસ્તકો લખ્યા છે તેમજ ઘણા પબ્લીકેશનસ તેમના આર્ટીકલ નિયમિતપણે છાપે છે. તેમને આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠતા પુરસ્કાર, સ્વર્ગીય મોરોપંત પિંગળે ગૌસેવા પુરસ્કાર, શંકરાચાર્યજી દ્વારા ગૌચતુર્માસ પુરસ્કાર, આયુર્વેદ પ્રત્યે જાગૃતિ માટે લાયન્સ ક્લબ દ્વારા આયુર વિકાસ એવોર્ડ સહિતનાં સન્માનો પ્રાપ્ત થયા છે.

વેબિનારનું આયોજન ૧૪ ઓગસ્ટ, સોમવારનાં રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે રાખવામાં આવ્યો છે. વેબિનાર એનીમલ હેલ્પલાઈનનાં ફેસબુક પેઈજ 'એનીમલ હેલ્પલાઈન - કરુણા ફાઉન્ડેશન' તેમજ યુ ટ્યુબ ચેનલ 'કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનીમલ હેલ્પલાઈન રાજકોટ' પર લાઈવ કરવામાં આવશે. સૌ ને આ વેબિનારમાં જોડાવવા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઇનનાં મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરુભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતા સહિતનાઓએ અપીલ કરી છે.

# ૧૨ ઓગસ્ટ, "વિશ્વ યુવા દિવસ"

દર વર્ષે વિશ્વભરમાં ૧૨ ઓગષ્ટનાં દિવસે "વિશ્વ યુવા દિવસ" મનાવવામાં આવે છે. ૧૭ ડિસેમ્બર ૧૯૯૯ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ જાહેર કર્યુ હતું કે ૧૨ ઑગષ્ટનાં રોજ "ઈન્ટરનેશનલ યૂથ ડે" મનાવવામાં આવશે. પ્રથમવાર "ઈન્ટરનેશનલ યૂથ ડે" વર્ષ ૨૦૦૦માં મનાવવામાં આવ્યો હતો. આ ખાસ અવસરે વિશ્વભરનાં યુવાનોને તેમની ઓળખ અપાવવા અને તેમનાં કાર્યોને પ્રોત્સાહન પૂરું પાડવા માટે અલગ-અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. "વિશ્વ યુવા દિવસ"નો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક, આર્થિકથી લઈને રાજકીય મુદ્દાઓ પર યુવાનોની ભાગેદારી અને તેમના વિચારો પર ચર્ચા કરવાનો છે. દેશની સફળતાનો આધાર ત્યાં વસતા લોકો પર હોય છે. ભારત જેવા દેશમાં જ્યાં મોટા ભાગની વસ્તીમાં યુવાનો વસતા હોય, જે દેશ પાસે કાર્યક્ષમ કર્મચારી તરીકે યુવાધન હોય ત્યારે આ દિવસથી વધુ મહત્વનું તો બીજું શું હોય શકે ? આ દિવસે યુવા-આગેવાની હેઠળની સંસ્થાઓ, સરકારો, યુવાનો અને અન્ય લોકો કે જે શિક્ષણમાં પરિવર્તન લાવવા અને વિશ્વવ્યાપી યુવાનોને ઉત્થાન અપાવવા માટે કામ કરી રહ્યા છે તેની ઉજવણી કરે છે. યુવા દિવસ એ યુવાનોને સમાવતા સાંસ્કૃતિક અને કાનૂની મુદ્દાઓને સ્થાપિત કરવા માટે બનાવવામાં આવેલ એક જાગૃતિ દિવસ છે. "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ"ની કલ્પના ૧૯૯૧ માં વિએના અને ઓસ્ટ્રેલીયાનાં યુવાનો દ્વારા યુએનની વર્લ્ડ યુથ કાઉન્સિલની પ્રથમ પરિષદ માટે સૂચવવામાં આવી હતી. સમિતિએ ભલામણ કરી કે યુવા સંગઠનો સાથે મળીને યુનાઈટેડ નેશન્સ યુથ ફંડને મજબુત બનાવવા માટે, ખાસ કરીને ક્રાઉડ સોર્સિંગ અને પ્રમોશનલ હેતુઓ માટે, આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ખાતરી આપવામાં આવે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ) એ પ્રથમ ઓગસ્ટ ૧૯૯૮ માં, લિસ્બન યુથ, વર્લ્ડ કોન્ફરન્સ દ્વારા આ નિર્ણયને સમર્થન આપીને ૧૯૯૯ માં "આંતરરાષ્ટ્રીય યુવા દિવસ"ને પ્રથમ વખત નક્કી થયું. વર્ષ ૧૯૯૯ માં યુએનજીએ દ્વારા આ ભલામણને સમર્થન આપવામાં આવ્યું ત્યારબાદ પ્રથમવાર "ઈન્ટરનેશનલ યૂથ ડે" વર્ષ ૨૦૦૦માં મનાવવામાં આવ્યો હતો.વર્તમાન સંજોગો જોતા રાજનીતિમાં યુવાનોનું જોડાણ કરવું ખુબ જરૂરી છે, જેનાથી ભવિષ્ય માટેની સારી અને દુર્ગામી નીતિઓ ઘડી શકાય, આ જોડાણથી યુવાનોમાં એક વિશ્વાસ અને દેશ માટે કંઈક કાર્ય કરવા માટેનાં ઉત્સાહને પ્રજ્વલિત કરવામાં ફાળો આપી શકાય છે. વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચર્ચાઓ, પ્રદર્શનો, મેળાઓ, પરિષદો અને અન્ય પ્રમોશનલ પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન કરીને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે એક મહત્વનો દિવસ છે. આજનાં સમયમાં કેટલાક વિકસિત દેશો પોતાનાં યુવાધનને આધુનિકતાની છબી બતાવતા ગેર માર્ગે પણ દોરી જાય છે. યુવાધનને પોતાના પ્રચારનાં માધ્યમ તરીકે વાપરવું એ આવનાર ભવિષ્યમાં વિશ્વનાં અન્ય દેશો સાથે હરીફાઈમાં ટકી રહેવા માં એક મોટી મુસીબત સમાન છે. આજનું યુવાધન પણ પોતાની વિચાર શક્તિને સમજવાને બદલે કેટલાક અંશે દેખાડાની વિચારધારાને અનુસરી રહ્યું છે. "રીયલ લાઈફ" થી જુદી "રીલ લાઈફ" એનું જ પરિણામ છે. જયારે કોઈ આગવું સ્થાન ધરાવતી યુવા વ્યક્તિ જે પગલું ભરે છે તેને અનુસરવા માટે બીજા પ્રયત્નો કરતા થઈ જાય છે, જે કેટલાક સારા પરિણામ પણ આપે અને ખોટા પરિણામ પણ આપે છે. આજનાં યુવાધન માટે સહનશક્તિ એ ક્યાંક ઓછી થતી જણાઈ રહી છે, નાની વાતમાં મોટા પગલાં ભરવા, જેનાથી તે પોતાને નુકશાન પહોંચાડી રહ્યા છે. યુવાધનનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો દરેક દેશ પ્રગતિનાં પંથ પર આગળ આવી શકે છે. ઘણા દેશમાં યુવાઓ માટે અલગથી યોગ્યતા મુજબની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. જેથી યુવામાં રહેલ ખૂબીને જાગૃત કરવી સરળ બની રહે છે.

જે દેશનો યુવાધન મજબૂત હોય, એ દેશ નું ભવિષ્ય મજબૂત બને છે

# શ્રીજી ગૌશાળા ખાતે પવિત્ર પુરૂષોતમ માસ નિમીતે ૧૯૦૦ ગૌમાતાના સાનિધ્યમાં 'વન ભોજન' નો કાર્યક્રમ યોજાશે

પવિત્ર પુરૂષોતમ માસ નિમીતે ૧૯૦૦ ગૌમાતાના સાનિધ્યમાં તા.૧૩, ઓગષ્ટ, રવીવારના રોજ સાંજે ૫-૩૦ કલાકેથી રાજકોટથી ૧૫ કિ.મી. દૂર આવેલ શ્રીજી ગૌશાળા, રાજકોટ-જામનગર હાઈવે, નવા ક્રિકેટ સ્ટેડીયમ સામે, ન્યારા, રાજકોટ ખાતે 'વન ભોજન' નો કાર્યક્રમ 'ભકિત સંધ્યા' ના સથવારે યોજાશે. ચાલુ વર્ષે અધિક શ્રાવણ માસ અને અદકેરી મેઘ મહેર વચ્ચે સીમ–વગડાઓમાં ચોમેર હરીયાળીથી અડાબીડ કુદરતની ભીની ભીની સુગંધ વ્યાપ્ત છે. એવા સમયે શાસ્ત્રોએ વન–વિહાર સાથે 'વન ભોજન'ની હિમાયતથી કુદરતનાં ખોળે આનંદ માણવાનું આહવાન શ્રીજી ગૌશાળા દ્વારા કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં છેલ્લા ૨૫ 'વર્ષથી શ્રીજી ગૌશાળા' ચલાવવામાં આવે છે અને જેમાં હાલમાં ૧૯૦૦ થી વધુ ગૌમાતાઓ બીરાજમાન છે. શ્રીજી ગૌશાળામાં ગૌ આધારીત ખેતી માટે અવાર નવાર ખેડૂતોનું સંમેલન બોલાવી સમજાવવામાં આવે છે અને તે માટે ગૌશાળાની બાજુમાં નિર્દેશન અંગે ખેતી પણ કરવામાં આવે છે. ગૌશાળાનાં સ્વાવલંબન માટે ગોબર, ગૌમૂત્ર અને પંચગવ્ય દ્વારા ૬૩ થી વધુ ગૌ પ્રોડકટસ બનાવવામાં આવે છે. ગૌમાતાના ગોબર અને ગૌમૂત્રમાંથી દવા બનાવીને કેન્સર, કિડની, માઈગ્રેન જેવી ગંભીર બીમારીઓ સાથે ૧૪૮ પ્રકારના અન્ય રોગો પર પણ લોકોને ફ્રી દવા આપવામાં આવે છે જેમા અત્યાર સુધીમાં ૭ લાખથી વધુ દર્દીઓને લાભ લીધો છે. સ્કૂલના બાળકોને ગૌશાળાએ બોલાવીને તેમને ગાયો વિશે અવારનવાર પ્રશિક્ષણ આપવામાં આવે છે. શ્રીજી ગૌશાળા, રાજકોટ-જામનગર હાઈવે, નવા ક્રિકેટ સ્ટેડીયમ સામે, ન્યારા, રાજકોટ ખાતે 'વન ભોજન' ના કાર્યક્રમમાં પધારવા માટે ગૌશાળાના ડો. પ્રભુદાસભાઈ તન્ના, જયંતીભાઈ નગદીયા, રમેશભાઈ ઠકકર, દિલીપભાઈ સોમૈયા, વિનુભાઈ દતાણી, યોગેશ પાંચાણી, અશોકભાઈ પટેલ, ભુપતભાઈ છાંટબાર, ચંદુભાઈ રાયચુરા, અમુભાઈ પટેલ, દિલીપભાઈ વસાણી, જીતુભાઈ ખીમાણી, ગોંડલ ગિરિરાજ ગૌમૂત્ર ચિકિત્સા કેન્દ્ર દ્વારા રાજકોટની ગૌપ્રેમી જનતા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું. કાર્યક્રમ અંગેની વિશેષ માહિતી માટે ડો. પ્રભુદાસભાઈ તન્ના (મો.૯૮૨૫૪૧૮૯૦૦), રમેશભાઈ ઠકકર (મો.૯૯૦૯૯ ૭૧૧૧૬)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.